ગાંધીનગર સમાચાર

ચંદ્રાયાન-૨ ૨૦૧૮માં લોન્ચ કરાશે

# જિલ્લાની ૧૨૩ શાળાઓમાં ઓરડાની ઘટ છે : શિક્ષણમંત્રી

## બે વર્ષમાં પ્રવેશોત્સવ પાછળ ૫,૮૭,૧૦૦ રૂ.નો ખર્ચ અને ગુણોત્સવ પાછળ રૂ. ૨,૯૩,૫૦૦નો ખર્ચ થયો છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ચેકડેમ અને ખેત તલાવડી અંગે ભાજપના ગાંધીનગર(દ)ના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ વન વિભાગ દ્વારા એક પણ ચેકડેમ કે વન તલાવડી બનાવવામાં આવી નથી.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

**● શાળામાં ઓરડાની ઘટ**

કલોલના કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કેટલી શાળાઓ એવી છે જ્યાં ઓરડાની ઘટ છે તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લાની ૧૨૩ પ્રા. શાળાઓમાં ઓરડાની ઘટ છે.

દહેગામ તાલુકાની ૪૧, ગાંધીનગરની ૩૮, કલોલની ૨૫ અને માણસા તાલુકાની ૧૯ પ્રા. શાળાઓમાં ઓરડાની ઘટ છે.

તેમણે સભ્યશ્રીના પુરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં અર્થાત ૨૦૧૪-૧૫માં ૧૧૯ અને ૨૦૧૫-૧૬માં ૧૩૩ ઓરડાઓનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું છે. જે કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

**● પ્રવેશોત્સવ અને ગુણોત્સવનું આયોજન**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવના કાર્યક્રમના આયોજન અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જૂન-૨૦૧૪માં ૧૨, ૧૩ અને ૧૪ જૂન દરમ્યાન પ્રવેશોત્સવ યોજવામાં આવેલ જ્યારે જૂન-૨૦૧૫માં ૧૧, ૧૨, ૧૩ જૂન દરમ્યાન પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જ પ્રમાણે નવેમ્બર-૨૦૧૪માં તા. ૨૦-૨૧-૨૨ નવેમ્બર દરમ્યાન અને જાન્યુઆરી ૨૦૧૬માં ૭, ૮ અને ૯ જાન્યુઆરી દરમ્યાન જિલ્લામાં ગુણોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં પ્રવેશોત્સવ પાછળ બે વર્ષમાં ૫,૮૭,૧૦૦ રૂ.નો ખર્ચ થયો છે. ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં ૨,૯૩,૫૦૦ લેખે આ ખર્ચ કરવામાં આવ્યો છે.

ગુણોત્સવ પાછળ ૨૦૧૪-૧૫માં ૧,૩૩,૭૭૫ અને ૨૦૧૫-૧૬માં ૭૨,૩૫૦રૂ.નો મળી બે વર્ષમાં કુલ ૨,૦૬,૧૨૫નો ખર્ચ કરવામાં આવ્યો છે.

**● આદિજાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય**

કોંગીના શ્રી અશ્વિનભાઈ કોટવાલે અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે આવેલા છાત્રાલયની સંખ્યા અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે ૮ વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયો અને ૨ વિદ્યાર્થીની માટેના છાત્રાલયો આ બે શહેરમાં કાર્યરત છે.

આ ૧૦ છાત્રાલયોમાં ૬૮૪ વિદ્યાર્થી અને ૪૧૫ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહેલ છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે આ છાત્રાલયો પૈકી ત્રણ છાત્રાલયો ભાડાના મકાનમાં કાર્યરત છે જ્યારે ૭ છાત્રાલયો સરકારી મકાનમાં કાર્યરત છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ભાડાના મકાનમાં ચાલતા બે છાત્રાલયોનું માસિક ભાડુ રૂ. ૧.૫૦ મંજૂર કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

**ગાંધીનગરમાં ૭ છાત્રાલયો સરકારી મકાનમાં કાર્યરત છે : ૧૦ છાત્રાલયોમાં ૬૮૪ વિદ્યાર્થીઓ અને ૪૧૫ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે**



**નવુ અલ્ટીમેટમ** - ક્ષત્રિય ઠાકોર સમાજના નેતા અલ્પેશ ઠાકોર આજકાલ મીડિયામાં છવાયેલા રહે છે... શુક્રવારે વિધાનસભામાં મુખ્યમંત્રી અને વિરોધપક્ષના નેતાની મુલાકાતે પહોંચેલા અલ્પેશ ઠાકોરે મીડિયા સાથે વાત કરતા ૨૧ દિવસમાં દારૂના પીઠા બંધ કરાવવા રાજ્ય સરકારને અલ્ટીમેટમ આપ્યું હતું... વ્યસનમુક્તિ અભિયાન અને શિક્ષણ અભિયાન સાથે સમાજની એકતા અને આવતીકાલના ગુજરાતના રાજકારણમાં ભૂમિકા અદાકરવાના અણસાર વર્તાય છે... (તસવીર : દિપક જાની)

## ચેમ્બર પણ નથી મારે ચેરમેન નથી થાવુ : દિનેશ ઠાકોર

# જિલ્લા પંચાયતની વિવિધ ચાર સમિતિઓના ચેરમેનોની નિયુક્તી

## મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેન બનાવવા પંચાયત પ્રમુખને સમિતિની બેઠકમાં દોડી જવુ પડ્યુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચાર સમિતિઓના ચેરમેનની નિયુક્તી માટેની આજે હાથ ધરાયેલ કાર્યવાહીમાં મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેનની નિયુક્તીને મામલે પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોરને સભ્યને મનાવવામાં ૧૦ મિનિટ લાગી હતી.

આજે બપોરે ૧૨.૩૦ વાગે ઉપપ્રમુખ શ્રી ભરત પટેલની અધ્યક્ષતામાં મળેલ મહિલા બાળ વિકાસ સમિતિની પ્રથમ બેઠકમાં કોંગીના સભ્ય શ્રી દિનેશભાઈ એસ. ઠાકોરે ચેરમેનને બેસવા ચેમ્બર પણ નથી એવી સમિતિમાં મારે ચેરમેન નથી થવુ તેવી જીદ પકડી અને પક્ષના મેન્ડેટને સ્વીકારવાનો પણ ઈન્કાર કર્યો હતો.

આ પછી કારોબારી સમિતિના ચેરમેન શ્રી અરવિંદસિંહ સોલંકીએ પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોરને ફોન કરી સમિતિની બેઠકમાં આવવા જણાવતાં પ્રમુખશ્રી રામાજી ઠાકોર આવી પહોંચ્યા હતા. તેમણે દિનેશભાઈને સમજાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. આ વેળાએ દિનેશભાઈએ ત્રાગાનું કારણ આપતાં જણાવ્યું હતું કે સમિતિના ચેરમેનને બેસવા જગ્યા નથી, ચેમ્બર નથી એવી સમિતિમાં ચેરમેન થઈ શું કરવાનું?

પ્રમુખશ્રી રામાજી ઠાકોરે ચેમ્બર ફાળવી આપવાની કાર્યવાહી ઝડપથી કરાશે તેવી હૈયાધારણ આપતાં મામલો થાળે પડ્યો હતો. આ દરમ્યાન શિસ્ત સમિતિની બેઠકને લઈ આવેલા શ્રી પંકજભાઈ પટેલ, શ્રીમતિ ગીતાબેન પટેલ, શ્રીમતિ કીર્તિબેન પટેલ અને અન્ય સભ્યો પણ નીચે હોલમાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના ૨૯ પી.આઈ. અને ૨૮ પીએસઆઈની બદલીઓ

## ગાંધીનગરમાં એક વર્ષ પણ પુરૂ નથી થયુ તેવા ચાર પીઆઈની બદલી : જિલ્લામાંથી એક પીએસઆઇ ખેડા મુકાયા : એક પીઆઈનો અમદાવાદથી ગાંધીનગરમાં ઓર્ડર

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજયના પોલીસવડાએ મોડી સાંજે રાજ્યના ૨૯ પી.આઈ. અને ૨૮ પીએસઆઈની જિલ્લાફેર બદલીઓના ઓર્ડર જારી કર્યા હતા. ૨૯ પી.આઈ. (બિન હથીયારી)ની બદલીઓમાં ગાંધીનગર જિલ્લાના ચાર પીઆઈનો પણ સમાવેશ થઈ ગયો છે. જે ચારેય પી.આઈ.ને જિલ્લામાં બદલી થયે એક વર્ષ પણ પુરૂ થયું નથી. ગાંધીનગરમાંથી સી.કે. ચૌધરીને અને એ.વી. રાઠવાને જૂનાગઢ પોલીસ તાલીમ મહા વિદ્યાલયમાં જયારે બી.એમ. રાઠવાને અને એ.કે. ચોટીયારાને વડોદરા પોલીસ તાલીમ શાળામાં મુકવામાં આવ્યા છે. જયારે મદાવાદ ગ્રામ્યમાંથી ડી.ડી. સોઢાનો ગાંધીનગર જિલ્લામાં ઓર્ડર કરવામાં આવ્યો છે. તો બીજી તરફ ૨૮ પીએસઆઈની બદલીઓના ઓર્ડરમાં ગાંધીનગર જિલ્લાના પીએસઆઈ એ.જી. રાઠોડનો સમાવેશ પણ થયો છે. એ.જી. રાઠોડને ગાંધીનગર જિલ્લામાંથી ખેડા જિલ્લામાં બદલી કરવામાં આવી છે.

# બોર્ડની પરીક્ષામાં જિલ્લાના ૨૦૦ વર્ગખંડોમાં ટેબલેટ મુકાશે

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈનની પણ વ્યવસ્થા

ગાંધીનગર તા ૨૬

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં યોજાનારી ધોરણ-૧૦ અને ૧૨ની બાર્ડ પરિક્ષામાં પારદર્શકતા જળવાય રહે તે માટે પરિક્ષાખંડમાં સી સી ટીવી કેમેરાની વોચ રાખવામાં આવશે જયારે જિલ્લામાં ૨૦૦ જેટલા પરિક્ષાખંડમાં સી સી ટી કેમેરાની સુવિધાના ન હોવાથી આ વર્ગખંડોમાં ટેબલેટ મુકવામાં આવશે.

આગામી માર્ચ મહીનામાં યોજાનારી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષામાં જિલ્લામાંથી ૫૫ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. જયારે બોર્ડ પરિક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર તેમજ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જરૂરી તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં બોર્ડ પરિક્ષા શાંતિપુર્ણ માહોલમાં યોજાય તેમજ કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે તકેદારીના તમામ પગાલા લેવામાં આવી રહયા છે. આ મામલે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પરિક્ષા સમિતિની બેઠક પણ યોજવામાં આવી હતી. જેમાં પરિક્ષાલક્ષી બાબતો અંગે પરામર્શ કરવામાં આવી હતી. આ દરમિયાન જિલ્લાના તમામ પરિક્ષા સ્થળોને

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ચાઈલ્ડ લાઈને રાયપુરમાં ૧૨ વર્ષની બાળકીના બાળલગ્ન અટકાવ્યા

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર જિલ્લાના રાયપુર ગામમાં ધોરણ-૬માં અભ્યાસ કરતી બાળકીના બાળલગ્ન અટકાવી દેવાયા હતા. સાબરમત્તી સમૃધ્ધિ સેવા સંઘ સંચાલિત ગાંધીનગર ચાઈલ્ડ લાઈનના સભ્યોએ ઘટના સ્થળે પહોંચી ડભોડા પોલીસની મદદથી આ ઉમદા કામગીરી કરવામાં આવી હતી.

સાબરમત્તી સેવા સમૃધ્ધિ સંઘ જિલ્લામાં બાળમજુરી , બાળલગ્ન તેમજ બાળકોને લગતી મુશ્કેલીઓ નિવારવા માટે કાર્યરત છે. અમદાવાદ સ્થિત ચાઈલ્ડ લાઈનના માધ્યમથી ગાંધીનગર જિલ્લાના રાયપુર ગામમાં બાળલગ્ન થતા હોવાનુ માલુમ પડયુ હતુ. જેના અનુસંધાને ગાંધીનગર ચાઈલ્ડ લાઈનની ટીમ જિલ્લાના રાયપુર ગામે પહોંચી હતી. બીજીતરફ આ મામલે ડભોડા પોલીસ સ્ટેશનને પણ જાણ કરવામાં આવી હતી. ઘટના સ્થળે પહોંચી ચાઈલ્ડ લાઈનના સભ્યોએ ઠાકોર પરિવારની ધોરણ ૬ માં અઁભ્યાસ કરતી ૧૨ વર્ષની બાળકીના લગ્ન અટકાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ રક્ષણ સાથે બાળલગ્ન અટકાવવા માટે બાળકીના પરિવારજનોને સમજણ આપવામાં આવી હતી. ચાઈલ્ડ લાઈનના સભ્યોએ આ ગુન્હીત પ્રવૃતિ હોવાનુ જણાંવી બાળલગ્ન ન કરવા માટે પરિવારજનોને મહામુસીબતે સમજાવવામાં સફળતા મળી હતી. આ કામગીરીમાં ડભોડા પોલીસ સ્ટેશનના પી એસ આઈ એન એમ ચૌધરીએ સહયોગ આપ્યો હતો.

# ચંદ્રાયાન-૨ ૨૦૧૮માં લોન્ચ કરાશે

## કડી સર્વવિશ્વવિદ્યાલય ખાતે સ્વ. માણેકલાલ મેમોરિયલ વ્યાખ્યાનમાળા અંતર્ગત ઈસરોના ચેરમેન ડો. કિરણકુમારનુ અવકાશી વિજ્ઞાન અંગે રસપ્રદ વ્યાખ્યાન યોજાયુ : વિદ્યાર્થીઓ માટે અવકાશી વિજ્ઞાનના અભ્યાસ માટે ઉત્તમ તક : ચેરમેન : અંતરીક્ષની દુનિયાના અનુભવો સાથે પ્રેઝન્ટેશન રજુ કર્યુ



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૨૬

ચંદ્રયાન -૨ આગામી ૨૦૧૮માં લોન્ચ કરવામાં આવશે. સ્પેસ વિજ્ઞાનમાં માર્સ ઓર્બિટર મિશનના માધ્યમથી ચંદ્રને બીજીતરફથી પણ નિહાળી શકાયો છે. વિદ્યાર્થીઓ માટે અવકાશ વિજ્ઞાનનો અભ્યાસ કરવાની ઉજ્જવળ તકો છે. તેમ ઈશરોના ચેરમેન ડો એ એસ કિરણકુમારે જણાંવ્યુ હતુ. સ્વ માણેકલાલ મેમોરિયલ વ્યાખ્યાન અંતર્ગત આજે સે-૧૫ સ્થિત એલ ડી આર પી કેમ્પસમાં ઈશરોના ચેરમેન ડો કિરણકુમારે અવકાશી વિજ્ઞાનની દુનિયાના ગજબના અનુભવો વ્યકત કરી રસપ્રદ પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતુ.

ઈશરોનો ચેરમેન ડો એ એસ કિરણકુમારે ભારતમાં આર્યભટ્ટા સેટેલાઈટ લોન્ચ થયુ હતુ ત્યારથી અત્યાર સુધી અવકાશી વિજ્ઞાનમાં શુ સિધ્ધિઓ હાંસલ કરવામાં આવી હતી તે અંગે રસપ્રદ પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતુ. તેમણે વિક્રમ સારાભાઈના યોગદાનને યાદ કરી માર્સ ઓર્બિટર મિશનની સિધ્ધિઓ પણ વર્ણવી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે ઈશરોએ ૧૩૦ મિશન પુરા કર્યા છે. ૩૨ જેટલા સેટેલાઈટ વ્હીકલ સફળતા પુર્વક લોન્ચ કર્યા હોવાનુ પણ જણાંવ્યુ હતુ. ૧૩ કોમ્યુનિકેશનના માધ્યમથી પૃથ્વી,પાણી,અને વાતાવરણનો અભ્યાસ કરવામાં આવતો હોવાનુ જણાંવી સ્પેસની રસપ્રદ તસવીરો પણ રજુ કરી હતી. વર્ષ ૧૯૭૫થી સ્પેસ સાયન્સ સેન્ટરમાં કાર્યરત ડો કીરણકુમારને વર્ષ ૨૦૧૫માં ઈશરોના ચેરમેન તરીકે જવાબદારી સંભાળી રહયા છે. તેમણે જણાંવ્યુ હતુ કે માર્સ મિશનના અંતે પૃથ્વી પરથી એકબાજુ જોઈ શકાતા ચંદ્રની બીજીબાજુ પણ નિહાળવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા જણાંવ્યુ હતુ કે અવકાશી વિજ્ઞાન ક્ષેત્રે અભ્યાસ કરવા માટે ઉત્તમ તકો છે.સ્પેસ વિશે જાણો તેટલી જાણકારી ઓછી પડે તેમ છે.વિદ્યાર્થીઓ દ્વારા તેમની સાથે પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. જેમાં સ્પેસ પર ફુલછોડ ઉગાડી શકાય કે કેમ તેમજ ભારત બીજા દેશનુ સેટેલાઈટ ક્યારે લોન્ચ કરશે જેવા રસપ્રદ પ્રશ્નો પણ પુછવામાં આવ્યા હતા. આ તબક્કે સંસ્થાન ચેરમેન વલ્લભભાઈ પટેલે

● અનુસંધાન પાન-૭ પર

# આજે અમદાવાદ એરપોર્ટ ખાતે અમિત શાહનું ભવ્ય સ્વાગત કરાશે

ગાંધીનગર, તા. ૨૬

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે, આવતીકાલ તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૬ને શનિવારના રોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પુનઃ ચૂંટાયેલા ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઈ શાહનું પ્રદેશ ભાજપા દ્વારા સ્વાગત-અભિવાદન કરવામાં આવશે.

શ્રી જાડેજાએ કાર્યક્રમની વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષ તરીકેની બીજીવાર વરણી થયા બાદ તેઓ પ્રથમ વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. પ્રદેશ ભાજપાના કાર્યકર્તા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા હોય તે રાજ્યના કાર્યકર્તાઓ અને પ્રદેશ ભાજપ માટે ગૌરવવંતી ક્ષણ છે. શ્રી અમિતભાઈ શાહનું અમદાવાદ એરપોર્ટ ખાતે બપોરે પ્રદેશના આગેવાનો, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, શહેરના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

ચાલો.... ચાલો.... હરિદ્વારમાં .... ચાલો
॥ સુંદરધામ ॥ પરિવાર (ગાંધીનગર) દ્વારા આયોજીત
॥ શિવકથા ॥



: શિવકથા વક્તા :
શિવ ઉપાસક શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ
સુંદરધામ-ગાંધીનગર
સંઘ ઉપડવાની તા. ૨૦-૮-૨૦૧૬ શનિવાર
પરત આવવાની તા. ૩૦-૮-૨૦૧૬ મંગળવાર (૧૧ દિવસ)
ટિકીટ રૂા. ૪૫૦૦/-
આવવા-જવાની-રહેવાની-જમવાની સગવડ સાથે
૩૫૦ સભ્યો જ લઈ જવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા વિનંતી.
-: વધુ વિગત માટે સંપર્ક :-
કિરણ ગોસ્વામી-૯૪૨૮૫ ૯૫૭૧૪, ૯૧૭૩૯ ૮૨૭૫૦
રમેશભાઈ પટેલ-૯૮૨૫૦ ૩૮૩૭૮, મનોજભાઈ લિંબાચીયા- ૯૩૭૬૧ ૩૯૬૮૨
શિવાભાઈ ગોસ્વામી - ૯૩૭૪૧ ૭૭૧૮૪, પ્રેમગીરી ગોસ્વામી-૭૬૯૮૩ ૪૯૮૯૧

IndusInd Bank
લોન... લોન... લોન...
જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...
● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ
૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com